णघेलानां नाटकमां गवातां गायनो.

રચનાર

ડાહ્યાભાઈ છગનલાલ પંડયા,

તે

वीरसिंहचंद्रिकानां कर्त्ता.

મુંબઈ:
ઓરિયન્ટલ છાપખાનામાં છાપ્યું.

સંવત ૧૯૩૯. અને ૧૮૮૩.

કિંમત ૧ આનો.

૧૭૨૮

સારી ચાય, સસ્તો ભાવ.

ચીનાઈ.

	કિમ્મત રતલના રૂ.
ફલાવર પીકુ નંબર ૧	૨
ફલાવર પીકુ ,, ૨	૧
સુ[illegible]ન રોઝ પૌચાંગ	૧
લમશાની ચાય નંબર ૧	૧
લમશાની ચાય ,, ૨	૦
સુપરફાઇન પૌચાંગ	૧
ફલાવરી ઓરેંજ પીકુ	
ફેમીલી મીક્શ્ચર	
ફાઇનેસ્ટ સેન્ટેડ ઓરંજ પીકુ	
ઇમ્પીરિયલ કેસૌ કોંગા	
સૌચાંગ	
કેશૌ કોંગૌ...	
બેસ્ટ કોંગૌ	

હીંદુસ્થાની ચાહ.

કાંગ્રાવેલી ફલાવરી ઓરેંજ પીકુ	૧	
કાંગ્રાવેલી એક્સ્ટ્રા ફાઇન ઓરેંજ પીકુ	૧	
[illegible]વેલી એક્સ્ટ્રા ફાઇન પીકુ	૧	
[illegible] એન્ડ ઇન્ડિયન બેસ્ટ ક્વાલીટી દામોદર મીક્શ્ચર	૧	
[illegible]મેલી મીક્શ્ચર	૧	૦
[illegible]ીક સૌચાંગ	૧	૮
[illegible]ાંગ	૦	૧૨

૧૭૪૭

करणघेलाना खेलमां गवातां गायनो.

बधां पात्रो संगाथे इश्वर प्रार्थना करे छे.

રાગ—ઉદ્ધો ઝીંઝોટી.

કરીમ રહીમ તું કર કરૂણા,—(એ રાહ.)

પતીત તણો પ્રભુ પાળક તું,
પાપ અમાપતણા પશ્ચાતાપે દુઃખવન્હિમાં બળીએ;
રે શ્રીહરી! કામાદિ ક્રોધ ટાળક તું, પતીતતણો—ટેક.
મોહ, સ્વાર્થ, પાપ, તમ, પ્રેર બુદ્ધિ જાય જયમ,
થાય જ્ઞાન આભાસ, ઇન્દ્રિયોનો ત્રાસ, ટળી થાય વિનાસ;
શરણાંગત પ્રતિપાળકનું બિરદ અમે તો ધરીયે, રે શ્રીહરી.

भुतडां समशानमां गाय छे.

રાગ—ધનાશ્રી.

કૃષ્ણ કરો જજમાન,—(એ રાહ.)

પાપ ન છુટે જાણ, સજા વિણ પાપ ન છુટે જાણ—ટેક.
"કરણી જેવી તેવી ભરણી," શાસ્ત્રનું એ પ્રમાણ; સજા. ૧
લક્ષ ચોરાશી ફેરા ફેરો, જાણે ન જીવ અજાણ; સજા. ૨
કરમ પુરવનાં જીવને ઘેરી, કરે તાણાતાણ; સજા ૩
પોતાનું મુળ પિછાણે જે જન, એજ ચતુર સુજાણ; સજા ૪

नगरनी स्त्रीयो देवीने मंदीर जातां गाय छे.

રાગ—લાવણી.

સુણો સજન ગણો મત.—(એ રાહ.)

ધરો ચરણ ધરણ પર એની તમે જગદમ્બે માતાની ભણી,
સુખકરણ દુખહરણ દેવી તે, ઊજળવાન વરાગુજ ધણી; —ટેક.
અંબીકા ભવ પાપ, તાપ હારિણી,
ભિંઝાસુર મારી, સુર સુખ સુખકારિણી;
રિઝે તો સુખ, લક્ષ્મિ, શાન્તિદાયિણી,
નિજ ભક્તોને ભવસિંધુ પારતારિણી; ધરો ચરણ.

देवीना मंडपमां रुपसुंदरी बीजी स्त्रियो साथ गाय छे.

રાગ—ગરબો.

અંજની સુત હનુમાન મેરી,—(એ રાહ.)

જગતની માતા, દે સુખ શાતા, તુજ ચરણમાં પડિયેરે,—ટેક.
નારદ, સારદ, ગુણ ગણે છે, શેષ, મહેષ સૌ ધડિયેરે, જગત ૧
કૃપારૂપી માજી વૃષ્ટિ કરો નિત, દ્વાર તારે આવી અડિયેરે, જગત. ૨

रुपसुंदरी माधवने जगाडतां गाय छे.

રાગ—બિભાસ.

વંદુ દિન પતી ઉદિત ઉદાર,—(એરાહ.)

ઉઠો પ્રિય પતી થયું છે સવાર, થયું છે સવાર, પતી થયું છે સવાર-ટેક.
પવન સુવાસિત પુષ્પ કરે છે, મંદ અતિ સુખકાર, ઉઠો.

કમલ સરોવર વિષે વિકાસ્યાં, ભ્રમર છુટયા આ વાર, ઉઠો. ૨
સુક, સારિકા, મયુર, કોકીલા, કરે મધુર ઉચ્ચાર, ઉઠો. ૩
સુર્યના કિર્ણોએ દોડી વિદાર્યું, ભુંડું જે અંધકાર, ઉઠો. ૪
રવિને રીઝવવા ધરાએ પેરી, સાડી સોનેરી સાર, ઉઠો. ૫

માધવને પરગામ જતો અટકાવવા રૂપસુંદરી કરગરે છે.

રાગ—ઠુમરી.

જટામેં ગંગ શીરમેં જાપે,—(એ રાહ.)

રૂપસુંદરી—પ્રિય પતી! છોડી જશો નહી મુંને, મન ગભરાય આજે.
માધવ—વ્હાલિ! બિરૂં થવું ઘટે નહી તુંને, નાગરિ સાત લાજે.
રૂપ—અરૂં પાણુ કાલ જજો નહી રોકું, ડાબી મુજ આંખ ફરકે,
માધવ—ધીરી પડ ધીર ધરી ઓ અબિરી, વૃથા ડરથી તું થરકે.
રૂપ.—સાથે લેજો, નાથ જોડી હાથ યાચું, જેથી દુખ થાય દૂર.
માધવ—આવીશ દિન સાત મહી કહું સાચું, કેશવ ઘર રાખું શૂર.

રૂપસુંદરી ધણીના વિજોગથી થયેલી હાલત વરણવે છે.

રાગ—ગઝલ.

અમે દુરીશેં છ જમતા દે,—(એ રાહ)

પતી વિયોગે મન મારૂં, બાવરૂં થાયે, બાવરૂં થાયે,
અતિ ગભરાઇ મુઝાયે. પતી વિયોગે,—ટેક.
શશી વીણ ચકોર ચિત્તમાં, અટપટ ઝાઝી થાય,
ચાત્રક સ્વાતિ બિંદુની, વાટ જોઇ અકળાય,
વાટ જોઇ અકળાય, ઘડી યુગ જેવી જણાયે. પતી. ૧

મૃગલી છુટી જુથથી, વચ્છ ગાય વિણ જેમ,
પક્ષિ દાવાનલ વિશે, તરૂણી પતિ વિણ તેમ;
તરૂણી પતિ વિણ તેમ, આંસુંથી ચીર ભીંજાયે. પતિ. ૨
સર્વેશ્વર સંયોગથી, પતિ વિહૅને કાપ,
કદી વિયોગ પડે નહીં, એ વર માગું આપ;
એ વર માગું આપ, જેથી તન તાપ બુઝાયે. પતી. ૩

રૂપસુંદરી કરણના મેહેલમાં તેના ત્રાસથી વિલાપ કરે છે.

રાગ—કલ્યાણ.

કીસ કદર ગોં જો કરૂં યાર,—(એ રાહ.)

ધીરજ ધરાય નહી, સુખ, શાન્તિ થાય નહીં,
કરૂં શું ને જાઉં કહીં, વિશ્વ ખાવા ધાય છે;
પુરવનાં ફુટયાં પાપ, અમાપ તે આપે તાપ,
આ ભવનો આપ, પતી વિહૅનો જણાય છે;
સુખ દુખ રૂપ થયું, તન તેજ ઉડી ગયું,
હાડનું પિંજર રહ્યું, છાતી અમુઝાય છે.

રૂપસુંદરી તેની દુખદાયક હાલત જણાવે છે.

રાગ—ઝીંઝોટી.

દરદ ગમ જાને મન એ શીરો,—(એ રાહ.)

જીવું જેનાથી વિશ્વમાં હું, તે ધણી વિણ શું ગમે?
પાણીનું જંતુ મીન તે, દુધમાં શી રીતે રમે?

પ્રિતીનો રંગ પક્વ જે, મટે ન ધુવો, જો તમે.
ચકોરને હજારો સુર્ય, કહો શશી વિના ગમે! ૧

નગરજનોએ ગુણસુંદરી તરફ દેખાડેલી દયા.

રાગ—બીહાગ.

ગુણસુંદરી સુંદર નાર,સતિ થઇ તજી સંસાર,
તન તાપને બાળી, પતી સાથરે ચાલી. ગુણસુંદરી—ટેક.
ક્ષણભંગુર કાયા સાર, મોહ મમતા ભરી અપાર,
કરી તેનો તીરસ્કાર, નિજ ધર્મ કર્યો સ્વિકાર. ગુણસુંદરી. ૧
ભવસાગર કરશે પાર, કરી સફલ મનુષ અવતાર,
કુલ સ્વર્ગનું સુખકાર, જેઃ અચળ પતી પર પ્યાર. ગુણસું. ૨
ઘટે આપણને આ વાર, જવું સરસ્વતી કિનાર,
આશિષ સતી દુખહાર, શિર કરવી અંગીકાર, ગુણસુંદરી. ૩

માધવ જંગલમાં શોક કરે છે.

રાગ—ભૈરવી.

કહું ગયો રેમેળાદા જાની,—(એ રાહ.)

હવે દશા શી વિશ્વમાં મારી, ગોઇ નારી એ ધા દીલ કારીરે. હવે-ટેક.
જતાં પ્રવાશે જાણ્યું ન આવી, થશે સંસારની ખ્વારીરે. હવે. ૧
સાતે તજયો દેહ સુટેક માટે. ધર્મ બજાવ્યો ધીર ધારી રે. હવે. ૨
સ્વર્ગે ગઇ નારી તેની સતી થઇ, જન્મ સફળ જયકારીરે. હવે. ૩
ઘર ઘડીમાં વન થયું મુજ, એ તન દુખ છે ભારીરે. હવે. ૪
વન વન ભમતો કરૂં કરણને, વેર રાખું દીલ જારીરે. હવે. ૫

જાત્રાળુઓ ભજન કરે છે.

રાગ—ધોળ.

આ તન રંગ પતંગ સરીખો,—(એ રાહ.)

એક હરીનું નામજ સાચું, અન્ય સકળ છે કાચુંજી,
ધન તનમાં જન ફોગટ નાચું, ભજ હરનીશ પ્રભુ યાચુંજી;
માયા, મમતા, મોહ ને આશા, પાશ થકી બંધાયોજી,
કિરતી પિપાસા મરતાં ન મટશે, શ્વાન પેરે રખડાયોજી;
કોડી કોડી જોડી કીધા કરોડો, દોડી અહિં તહિં પ્રીતેજી,
પાઇ ન પુન્યમણી ખરચાઇ, મરણ થયું નહી ચીતેજી;
દ્રશ્ય પદારથ ઇશ્વર માન્યો, પરમારથ નહી જાણ્યોજી,
જપ, તપ વિના અંતે મુઝાયો, કર્મબંધે જકડાયોજી.

માધવ દેવીની સ્તુતી કરે છે.

રાગ—ચતરંગ કલ્યાણની.

મા ચતરંગ રસ શણગારવરી,—(એ રાહ.)

સુરંગ અંગી તું બહુચરી, ગાયે છે મુનીયો,
રૂપછે અનુપ, તારો—આ—અ—રો, સુરંગ—ટેક.
સુંદર ઝર ચીર કોર મઝાની, ત્રી કાળ મૃત ઘુમ,
માનની ગાન તનનનન, માનની ગાન તનનનન;
આદરથી ગુણીજન માની, માની નીમ, વાણી દીન,
કે'તું ધનનનનન; સુરંગ અંગી. ૧

देवी माधवने उत्तर आपे छे.

રાગ—મરાઠી ચાલની સાકી.

૨ માધવ ! શુણ સાવધ થઇને શોકસિંધુ તરાવું,
ધિરજ ધર, પરહર નિરાશા, પેર મારગ દરશાવું;
જા દીલ્લી છે યવન રાજા, તેને દુઃખ જણાવું,
તો સરશે તુજ કારજ સરશે, લખ્યું વિધીયે આવું.

जात्रालुओ रातवासो करया पछी भजन ललकारे छे.

કંસાર તાજુ મેથીની ભાજી, ખાધો ઝાઝો,—એ રાહ.

ઘાટે ઘાટે, નહી શું વાટે, જાત્રા માટે, બહુ થાટે,
ચાલો ચાલો ઝટ ઝટ ઝટ;
ગંગ પાને ઘટ ઘટ ઘટ, પાપ ફુટે ફટ ફટ ફટ,
સંસારની કટ કટ કટ, મટે ધ્યાને ચટ ચટ ચટ, ઘાટે ઘાટે. ૧

रूपसुंदरी आत्मघात करवा अगाऊ ईश्वरोपासना करे छे.

રાગ—સીતાના મહીનાનો.

દુખહરતા દયાળુ દેવ, દુખેથી દબાઇ છું,
નિરાધાર, પરાધીન કાય, જાળે વિંટળાઇ છું;
દશે દિસા ધસે સમશાન, સમી ખાવા મને,
રાત્રિ દીવસ, દિવસ રાત્ર, ચિન્તા લાગી તને;
વિષયી નરનાથને હાથ, પડી હું અનાથ જો,
જગકાર ચડો મુજ વા'ર ધણી હું લાચાર જો;

વિખુટી છુટી વ્હાલાંની પ્રિત, લુટી નસીબે ખરી,
પતિ વિહૈં અતિ ગતીભંગ, વિનંતી કરૂં હરી.

एक रजपुत ठाकोर आगल कंचनी गाय छे.

રાગ—પિલુનો જીલ્લો.

ધન ધનરે સતીનાર,—[એ રાહ.]

દિન દિન રે પ્રજા પ્યાર, પામો ઝાઝો હો, દિન દિનરે.—ટેક.
રાજનિતીથી નીત વધારો, નવનિત શોભા અપાર. દિન. ૧
ચાર પદારથ સાધો તજીને, અનર્થ વ્યર્થ કુવીકાર. દિન. ૨
સાગરનું ધન ભંડારમાં હો, ન્યાય પ્રવાહ વિસ્તાર. દિન. ૩
ગુણીજનોને પોષણ રૂપે, થાયો સકલ જયકાર. દિન. ૪

हरपालने जोवाथी एक रजपुतनी छोकरी मोहमां पडे छे.

રાગ—ભૈરવીની ગઝલ.

ખ્વાબમેં દેખાદે હમને આજ,—એ રાહ.

મુખ નિરખીને તે નરનું, વ્યાકુળી તનમાં થઇ,
સ્થિરતા, ધીરતા ભુલી હું, મૂઢ શુન્ય બની ગઇ;
શ્યાથી મારી ચિત્તવૃત્તિ, રે ભ્રમિત બની ગઇ,
કંપું કેમ, કળે ન મુજને, જે હતી તે હું નહીં;
પ્રેમની જ્વાળાથી લાગું, શું કરૂં સુઝતું ન કંઇ,
એકઠી જો થાય આંખો, એજ આશા ઉર મહી.

नुं लश्कर संग्रामनी तैयारी करतां गाय छे.

રાગ—બીહાગ.

વીધાતા એ વીરા જનો રાજ,—[એ રાહ.]

રણાંગણ વિશે રજપુત પુત આવો,
દારૂણ યુદ્ધને માટ, શસ્ત્ર ઝળકાવો. રણાંગણ.—ટેક.
રક્ષવા બ્રાહ્મણ ગાય, કોદંડ કોડેથી સાંય,
ધર્મ ક્ષત્રિનો ગણાય, ધજા ફરકાવો. રણાંગણ* ૧
તોપ, બંદુક ને તીર, ભાલા, બરછી, ઝંઝીર,
સાંગ, ફરસી, કટાર, અસી લટકાવો. રણાંગણ. ૨
મરવું મારવું સાર, આ પાર કે પેલે પાર,
જીતે જયજયકાર, નોબત ગગડાવો. રણાંગણ. ૩

अल्लाउद्दीननुं लश्कर कुच करतां गाय छे.

રાગ—એક અંગ્રેજી ગાયનને મળતો.

હમ ટુકડે ટુકડે કરકે દુશ્મનકો રગડેંગે આન,
હમ પાસે લાગ કાફરોકું, માર કરે ઘમસાન. હમ.—ટેક
હમ ડરતે નહી આર કરતે, જખમ બંજરસેં મેદાન,
હમ જંગ મચાવે રંગ, ઉડાવે ગભરાવે કુફરાન. હમ. ૧

करणनुं लश्कर लडाई पर कुच करतां गाय छे.

રાગ—ગઝલ.

પડા કોસ લિયે લાહોલ કિયા હમપે,—[એ રાહ.]

ચોંપે ચલાવો ચરણ, ટેક ક્ષત્રીનો ધરી,
થાયે અમર નામ જેથી, વાત એ ખરી. ચોંપે.—ટેક.

મલેચ્છ આવ્યા દેશમાં, લડાઇને વરી,
નસાડો મારી તેમનાં, હથીયારને હરી. ચાંપે.
રજપુત નામ આપણું, ન ઝાંખું થાય જરી,
ધટે ભુમીને રક્ષવી, સંગ્રામમાં મરી. ચાંપે.

अल्लाउद्दीननुं लश्कर लडाई पर चढतां गाय छे.

રાગ —એક અંગ્રેજી રાહ.

બને હમ જરૂર, બનકે ચકચુર, પેહલવાંન, પેહલવાંન,
શીપાઈ હો બહાદુર, ઓ ફીર ફીર ફીર ફીરતાર. (બેવાર.)
બાલેહે, બાલેહે, બાલેહે શમશીર ! ઓ ફીર ફીર ફીર ફીરતાર.
દુશ્મનો કે દમ, કોહ કરે જખમ, જાયગે અબ,
જાયગે અબ, જબી મીલકે હમ, ઓ ફીર ફીર ફીર ફીરતાર.

अल्लाउद्दीननुं लश्कर विजयी थई शेहेरमां प्रवेश करतां गाय छे.

રાહ—"ઓસીંગ ઉવીનાઉ રાઈટ ચેરીલી."

માલકકી ફજલસે ફતેહ પાયે, દુશમનકો માર ભગવાયે,
શાહગએ પોહોચ્યા ફુલ્ક, શર કીયા અપની ફોજે ગુજરાત
મુલ્ક, ગુજરાત મુલ્ક, ગુજરાત મુલ્ક, આબાદ ખુશનુમા,
ગુજરાત મુલ્ક, હુરે ! હુરે !!
ફોજ અપનીકુ હે શ્યાબાશી, દુશમનકી હુઇ સત્યાનાશી,
હસ્તી હુઇ સારી ખલ્ક, શર કિયા અપની.